


## ગોકુલપુરા અસહ્ય ગંદકી સાથે બન્યું 'ગટરપુરા...!!'

ગાંધીનગરના 'ક' રોડ પરના ગોકુલપુરા ખાતે સતત ઉભરાતી ગટરો અને દૂષિત પાણીના કારણે રહીશો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. ક તરફ ચોમાસાની ઋતુ બીજી તરફ કોરોના મહામારી સાથે ઉભરાતી ગટરોની ગંદકીથી આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાવા પામી છે અને સમગ્ર ગોકુલપુરાનો વિસ્તાર નર્કાગાર જેવો બની રહ્યો છે. આ સ્થિતિમાં તંત્ર દ્વારા સત્વરે ઉભરાતી ગટરોની સમસ્યા ઉકેલવામાં આવે અને સમગ્ર વિસ્તારમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે તેવી સ્થાનિક રહિશોમાં માંગ ઉઠવા પામી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



દર્શક મિત્રો, બધી ચેનલો તમને રસ્તા પર પડેલા ખાડા બતાવશે... અમે એ ખાડાના કારણે બનેલા મહેલ જેવા મકાન બતાવીશું...

# શહેરમાં ઉંચા વ્યાજે પૈસા ધીરનારા ચાર સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે સેકટર-૨૬ ખાતે રહેતા એક વ્યક્તિએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ફરીયાદીને લાયસન્સ વિના દસ ટકાના ઉંચા વ્યાજે પૈસા આપવા, પૈસા માટે ધાકધમકીઓ અને ચેકમાં ખોટી રકમ ભરીને કોર્ટમાં ખોટી ફરીયાદ કરવા બદલ ૪ શખ્સો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિશાનનગર ખાતે રહેતા ઘનશ્યામભાઈ શામળભાઈ પટેલ (ઉં.૪૭)નોંધાવેલી ફરીયાદ મુજબ વર્ષ ૨૦૧૬માં તેઓ સેકટર-૧૬ સ્થિત ખાણીપીણી બજાર ખાતે પટેલ ફાસ્ટફુડના નામે ખાણીપીણીનો સ્ટોર ચલાવતા હતા. તે સમયે તેમની ઓળખ સેકટર-૧૭ ખાતે પાનનો ગલ્લો ધરાવતા અભુ લલ્લુભાઈ દેસાઈ (રહે. સે-૨૫ સુર્યનારાયણ સોસાયટી) સાથે થઈ હતી. પૈસાની જરુરીયાત પડતા ફરીયાદીએ અભુ દેસાઈની મદદથી વિસનગરના કલ્પેશ નાનજીભાઈ ચૌધરી પાસેથી ડિસેમ્બર ૨૦૧૮માં રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા. તે સમયે કલ્પેશભાઈએ નોટરી લખાણ તૈયાર કરી ફરીયાદી પાસેથી પાંચ કોરા ચેક લીધા હતા.પરંતુ વેપાર-ધંધામાં અચાનક મંદી આવતા ફરીયાદી ૧૦ ટકાનું ઉંચુ વ્યાજ ચુકવી શકયા ન હતા. પરંતુ નવેમ્બર ૨૦૧૯માં સુધીમાં નીકળતુ વ્યાજ અને મુડી પૈકી રૂ.૨.૭૦ લાખ આપ્યા હોવાનો ફરીયાદીએ દાવો કર્યો છે. ત્યારબાદ બાકીના ૩૦ હજાર સગવડ થતા પુરા કરવાનું ફરીયાદીએ કહ્યું હતું.

તેમ છતા કલ્પેશ, અભુ અને તેનો ભાઈ લાભુ દેસાઈ તમામ રકમની વ્યાજની ઉઘરાણી કરતા હતા. ફરીયાદીએ મુદત માંગતા તેમણે આપેલા ચેક પૈકી એક ચેકમાં રૂ.૩ લાખની રકમ ભરીને બેંકમાં નાંખ્યો હતો. જે ચેક બાઉન્સ થતા તેઓએ ફરીયાદી પર કેસ કર્યો હતો. ત્યારબાદ ફરીયાદી બાકીના રૂ.૩૦ હજાર ઘ-૫ ખાતે માર્ચ - ૨૦૨૦માં આરોપીઓને આપવા માટે ગયા હતા.પરંતુ તેઓએ મુડી અને વ્યાજ પેટે રૂ.૨૦ લાખની માંગ કરીને ઝઘડો કરીને ફરીયાદીને માર માર્યો હતો.

જે મુદ્દે સે-૨૧ ખાતે ફરીયાદ નોંધાઈ હતી. જયારે બીજીબાજુ ફરીયાદીને ૨૫ જુલાઈના રોજ રામશીભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (બોરતવાડા હારીજ)ની નોટીસ મળી હતી. જેમાં સે-૧૬ ખાતે દુકાનમાં ભાગીદારી માટે રૂ.૯.૭૫ લાખ આપેલા હોવાનું જણાવ્યું હતું.જેને અનુલક્ષી ફરીયાદીનો ચેક બેંકમાં ભરતા બાઉન્સ થયો હતો. ચાર શખ્સોના શારીરીક-માનસિક ત્રાસ અને ધાકધમકી અને ખોટા કોર્ટ કેસ થી કંટાળી જઈને ફરીયાદીએ તા.૨૭ જુલાઈના રોજ કલેકટર કચેરી ખાતે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યારે આ સમગ્ર મુદ્દે સે-૨૧ પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધી રહી છે. જી.ટી.પી.એલ.ની કચેરીમાં પણ કર્મચારીઓ સંક્રમિત થયાની વાતો બહાર આવી રહી છે. જીએમસી, ગુડા બાદ હવે જી.ટી.પી.એલ.ની કચેરી પણ કોરોનામાં સપડાઈ છે.
- ગાંધીનગર કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને ગાંધીનગર મનપાના કમિશનર તરીકેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ગત સપ્તાહ સુધીમાં એક લાખ ૭ હજાર હેક્ટરમાં થયુ છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા તેમના પત્ની અને દિકરીને સંપૂર્ણ રીકવરી આવતાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરના બન્ને મુખ્ય અધિકારીઓ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન અને જિલ્લા કલેક્ટર ડૉ. આર્ય બન્ને તેમના હોદ્દા ઉપરાંત વધારાનો ચાર્જ ધરાવે છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે મુલાકાત લીધી હતી.

# જમીન તકરારી નોંધની સૂનાવણી સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થશે

**પ્રજાલક્ષી વધુ એક નિર્ણય લેવામાં આવ્યો : સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધ પાડવામાં આવે છે, આ અંગે નિર્ણય કરવાની સત્તા નાયબ મામલતદારની રહેશે**

ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહેસૂલી પ્રક્રિયા સરળીકરણનો વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લઈને જમીન તકરારી નોંધની અપિલ સૂનાવણી હવે સીધી પ્રાંત અધિકારી કક્ષાએ કરવા અંગેની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. અગાઉ આવી તકરારી નોંધ જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨-૧૦૮ અન્વયે પહેલાં મામલતદાર કક્ષાએ સૂનાવણી હાથ ધરાયા બાદ પ્રાંત અધિકારી કક્ષાએ અને તે પછી કલેકટર સમક્ષ અપીલ કરવાની રહેતી હતી. વિજય રૂપાણીએ હવે આ પ્રક્રિયાને વધુ સરળ બનાવતાં જુદા જુદા ત્રણ તબક્કે મહેસૂલી અધિકારીઓ સમક્ષ કરવાની થતી અપિલને સ્થાને માત્ર બે તબક્કે એટલે કે પ્રાંત અધિકારી અને કલેકટર કક્ષાએ કરવાનો પ્રજાહિતકારી અભિગમ અપનાવ્યો છે. રાજ્યના મહેસૂલ વિભાગે આ અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડયું છે. આ જાહેરનામું આખરી (ફાયનલ) થયા બાદ રાજ્યમાં આ પ્રક્રિયાનો અમલ કરાશે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પગલે હવે જમીન તકરારી નોંધ અંગે સમયમર્યાદામાં નિર્ણય થઈ શકશે અને બિનજરૂરી લીટીગેશન નિવારી શકાશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે હક્કપત્રક એટલે ગામ નમુના નં.૬ જેમાં હક્ક સંપાદન થાય ત્યારે નોંધ કરવામાં આવે છે. સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધ પાડવામાં આવે છે. આ પ્રકારની નોંધો અંગે નિર્ણય કરવાની સત્તા નાયબ મામલતદારની છે. ઘણી બધી વખત જૂદા જૂદા કારણોસર હક્કપત્રકની નોંધોની નોટિસ આપવામાં આવે તે સમયે પક્ષકારો તરફથી કે ત્રાહિત પક્ષકાર તરફથી પણ વાંધો લેવામાં આવતો હોય છે. તેના કારણે હક્કપત્રકની નોંધો સમય મર્યાદામાં મંજૂર ન થવાથી હુકમની નોંધના કિસ્સાઓમાં રેકર્ડે અસર આવતાં ઘણો બધો સમય પસાર થઈ જાય છે. આ કારણે પક્ષકારને પ્રતિકૂળ અસર થવાની સંભાવના રહે છે. આમ, તકરારના કારણે નોંધની રેકર્ડે અસર લેવામાં વધુ ને વધુ વિલંબ થાય તે કારણે અરજદારને તેનો હક્ક સમયમર્યાદામાં ન મળવાથી સંતોષ થતો નથી તથા કેટલીક વખત બિનજરૂરી લીટીગેશનને પણ નોતરે છે.

## ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વાતંત્ર્ય દિને ૧૦૧ આંબાનું રોપણ કરાયું

ચિલોડા, તા. ૧૯

સમગ્ર ભારત વર્ષ ૭૪મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના



ઉમંગમાં રંગાયેલુ છે. વર્ષાઋતુની મહેર છે અને પ્રકૃતિ સોળે કળાએ ખીલી છે. ત્યારે ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠની શતાબ્દી વર્ષની અનોખી ઉજવણી કરવામાં આવી. વીસેક એકરમાં વિસ્તરાયેલા ગ્રામસેવા સંકુલમાં શતાબ્દી વર્ષની યાદગીરી સ્વરૂપે ૧૦૧ કલમી આંબા વાવી તેના જતનનો સંકલ્પ લઈ પ્રકૃતિ પોષક ઉજવણીની રીત કંડારવામાં આવી છે.

આ કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહના હસ્તે પરિસરમાં ૧૦૧માં આંબાનું આરોપણ કરવામાં આવ્યું હતું. સાથે સંયોજક રમેશભાઈ પટેલ અને સેવક મિત્રો પણ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિત્પેશ ભટ્ટે કર્યુ હતુ.

## આદિવાસી વિસ્તારોમાં ચેક ડેમો સત્વરે રીપેર કરાવો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતભરમાં ચોમાસુ સારૂ વરસી રહ્યું છે પરંતુ આદિવાસી વિસ્તારોમાં ઢોળાવવાળી જમીન હોવાથી પાણી ઝડપથી વહી જાય છે. આ કારણે સારા વરસાદનો લાભ જોઈએ તેટલો આ વિસ્તારોમાં પ્રાપ્ત થઈ શકતો નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને આદિવાસી વિસ્તારોમાં આશરે ૪૦ હજાર જેટલાં ચેકડેમો બાંધવામાં આવેલા છે પરંતુ તેમાંથી અડધોઅડધ જેટલા ચેકડેમો મૃતઃપ્રાય અવસ્થામાં હોવાનું જણવતા સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના નિવૃત્ત નિયામક સી.બી. પટેલે આદિવાસી વિસ્તારોમાં ચેકડેમ સત્વરે રીપેર કરવા માંગ કરી છે.

સી.બી. પટેલે મુખ્યમંત્રીને વિશ્વ આદિવાસી દિને લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે ચેકડેમનો પુરતો ઉપયોગ થાય તે જરૂરી છે અને તે માટે ચેકડેમો સમય મર્યાદામાં રીપેર થઈ જાય ડેમમાં પુરાણ દૂર કરવામાં આવે અને તેની ઉંચાઈ વધારાય તો ઉપયોગી બની શકે છે. સરેરાશ આદિવાસી ખેડૂત પાસે માત્ર બે થી ત્રણ વીઘા જેટલી જ જમીન હોય છે તેમજ આ વિસ્તારોમાં રોજગારીના સાધનો પણ ટાંચા ઉપલબ્ધ રહેતા હોવાથી તેમને રોજી માટે સમયાંતરે વિવિધ સ્થળે સ્થળાંતર કરવુ પડે છે. જો આદિવાસી વિસ્તારોમાં ચેકડેમો જે મૃતઃપ્રાય અવસ્થામાં છે તેને સમારકામ કરી કાર્યરત કરાય તો તે વિસ્તારમાં કૃષિ તથા જલ વ્યવસ્થાપનની સમસ્યા ઉકેલાશે અને પશુઓ માટે ઘાસચારો તેમજ ખેતી, શાકભાજી, નર્સરી જેવા રોજગારીના વિકલ્પ ઉપલબ્ધ બનશે.

# શહેરમાંથી ચોરીના બુલેટ સાથે બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ ખાતેથી ચોરીના




બુલેટ સાથે બે યુવકોને એલસીબી-૨ પોલીસે પકડી

એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે એએસઆઈ હરદેવસિંહ દલપતસિંહ અને કોન્સ્ટેબલ સુરેશકુમાર બળદેવજીને સંયુકત રીતે બાતમી મળી હતી. સેકટર-૨૫ સ્થિત આવેલા ત્રણ માળીયા મકાનોની પાછળની સાઈડ આશ્રમબાજુથી નંબર પ્લેટ વિનાના રોયલ એનફીલ્ડ કંપનીના બુલેટ સાથે પુર્વજય પ્રભાતભાઈ આલ(દેસાઈ) (રહે. ફલેટ નં.૭૦૨, ઉપવન એવન્યું, વૈષ્ણોદેવી સર્કલ, મુળ-સુરેન્દ્રનગર) તેમજ બ્રિજેશ ઉર્ફે લાલો મુકેશભાઈ શાહ (રહે. પ્લોટ નં.૧૬૦-૨ રક્ષા એપાર્ટમેન્ટ કિશાનનગર સે-૨૬, મુળ રહે.પીપલજ દહેગામ)ને પકડી પાડ્યા હતા. આ યુવકો પાસેથી સેકટર-૨૧ પોલીસ મથકના વિસ્તારમાંથી ચોરી થયેલુ બુલેટ મળી આવ્યું હતું. એલસીબી-૨ પોલીસે બંન્ને યુવકોને સેકટર-૨૧ પોલીસને સોંપતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાડ્યા હતા. પોલીસે બંને યુવકો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૨ સી ખાતેથી બુલેટ ચોરાયું

ગાંધીનગર,તા.૧૯

શહેરના સેકટર-૨ સી પ્લોટ નં,૧૫૪૦-૨ ખાતે રહેતા જયદિપ જીવાભાઈ ભગોરાના ઘર પાસેથી બુલેટ ચોરાયુ છે.ગત તા.૮ ઓગસ્ટના રોજ રાત્રીના સુમારે પોતાનું બુલેટ નં.જી.જે.૧૮. સી.એફ-૧૦૫૯ ઘર પાસે પાર્ક કર્યું હતું. ત્યારબાદ સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યાથી બુલેટ ગાયબ હતું. યુવકે બુલેટની આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ આદરી હતી. પરંતુ બુલેટની કોઈ ભાળ ન મળતા યુવકે આખરે સેકટર-૭ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૫૦ હજારની કિંમતના બુલેટ ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**નારોલ પાસે ખોટી સહીથી ઉભી કરેલી**

# કંપનીના નામે ગાંધીનગરની બેંકમાંથી ૫ કરોડની લોન લેવાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની એક બેન્કની શાખામાંથી રૂ. ૫ કરોડની લોન અમદાવાદની વેક્ષટેક કોટ ફેબ પ્રા.લિ. નામની કંપની દ્વારા મેળવવામાં આવી હોવાની તેમજ તે કંપની તેની માલિકી તરીકે નામની ખોટી સહીઓ કરી એનઓસી મેળવી રજીસ્ટર કરાઈ હોવાની પોલીસ ફરિયાદ શાહીબાગ સંજીવ અગ્રવાલ નામના શખ્સે નારોલ પોલીસ સ્ટેશને નોંધાવી છે. સંજીવ અગ્રવાલનો દાવો છે કે આ કંપનીનું જે સરનામુ દર્શાવાયુ છે તે તેની માલિકીની જગ્યા છે જે વિષ્ણુદત્ત ગુપ્તા નામના શખ્સને ભાડે આપેલી હતી જેણે પોતાના પુત્ર, ભાઈ અને ભત્રીજા સાથે મળીને સંજીવ અગ્રવાલના નામે ખોટી સહીઓ કરી ફર્જી કંપની રજીસ્ટર કરાવી તેને શેરબજારમાં પબ્લિક ઈશ્યુમાં કાર્યરત કરી છે.

અમદાવાદના શાહીબાગમાં રહેતા સંજીવ પ્રેમહંસ અગ્રવાલ નામના શખ્સે નારોલ પાસેના રાણીપુર ગામ પાટીયા મારીયા પાર્ક પાસે એસ-૨૩૦ નંબરવાળી જગ્યામાં પોતાની અગ્રવાલ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ નામની કાપડની ફેકટરી હતી તેને વર્ષ ૨૦૧૪માં વિષ્ણુદત્ત ગંગા સહાય ગુપ્તા રહે. ૪/૭, ગુરૂરામદાસ સોસાયટી, બાપુનગરને વાર્ષિક રૂ. ૫.૫ લાકના ભાડેથી આપી હતી જે જગ્યા પર વિષ્ણુદત્ત તેના પુત્ર ઉપાંત તથા ભાઈ કૈલાષ અને ભાઈના પુત્ર જૈમીન સાથે હિલ્લરી ફેશન કોટ ફેબ લિ. નામથી ધંધો કરતા હતા અને વર્ષ ૨૦૧૮ના જુન માસની પહેલી તારીખ સુધી ભાડુ આપ્યુ હતુ. તા. ૧૫-૬-૨૦૨૦ની આસપાસ સંજીવ અગ્રવાલને ખબર પડી કે તેમના નામથી તેજ સરનામે વેક્ષટેક કોટેફેબ પ્રા.લિ. નામની કંપની પબ્લીક ઈશ્યુ શેરમાં કાર્યરત થયેલ છે તેથી તપાસ કરતાં ખબર પડી કે વિષ્ણુદત્તે પોતાના પુત્ર, ભાઈ અને ભત્રીજા સાથે મળીને સંજીવ અગ્રવાલની ખોટી સહી કરીને કંપની રજીસ્ટર કરાવી છે અને તેના પર ગાંધીનગર એક બેન્કમાંથી રૂ. ૫ કરોડની લોન પણ મેળવી છે. આથી સંજીવ અગ્રવાલે ચારેય વિરૂદ્ધ નારોલ પોલીસ સ્ટેશને છેતરપિંડી, વિશ્વાસઘાત અને રૂ. ૧૦ કરોડના હડપની ફરિયાદ નોંધાવી છે.

# ગુજરાત રાજ્યના ૮૦ હજાર વકીલોને આર્થિક લાભ આપો

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સિનિયર મેમ્બર પરેશ વાઘેલા, મુકેશ કામદાર, ગુલાબખાન પઠાણ અને રણજીતસિંહ રાઠોડે લોકબંધીને કારણે બેરોજગાર બનેલા અને આર્થિક તકલીફોનો સામનો કરી રહેલા ૮૦૦૦૦ વકીલોને આર્થિક પગભર થાય તે હેતુથી સરકારી લાભ આપવા માગણી કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી અને કાયદામંત્રીને ગુજરાતના વકીલો માટે કરેલી માંગણીઓ સંબંધે તેઓ જણાવે છે કે, ગુજરાત રાજ્ય હાલની પરિસ્થિતિમાં વિકાસ મોડેલ બની રહ્યું છે તે બદલ સરકારને અભિનંદન છે. હાલની પરિસ્થિતિમાં કોર્ટો અને સ્કૂલો સિવાય બધું જ ધીમે ધીમે ખુલી રહ્યું છે ત્યારે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત પણ દરેક બાર એસોસિએશનની રજૂઆત વર્ચુઅલ મીટિંગથી સાંભળી કોર્ટો ખોલવા બાબતે ઠરાવ કરી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મોકલેલ છે. હજુ પણ કોર્ટો પૂર્વવ્રત ખુલવાની સંભાવના ઓછી છે ત્યારે અને એડવોકેટ એક્ટની જોગવાઈના બંધન પ્રમાણે વકીલો વકીલાત સિવાય અન્ય કોઈ ધંધો રોજગાર કરી શકતા નથી. છેલ્લા પાંચ મહીના જેટલા સમયથી જ્યારે કોર્ટો બંધ છે ત્યારે ગુજરાતના ૮૦૦૦૦ જેટલા વકીલો કામકાજથી અળગા થઈ ગયેલ છે અને તેમાંથી મોટાભાગના પોતાનુ અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકવા અસમર્થ થઈ ગયેલ છે. દરેક વકીલ ગરિમાપૂર્ણ જીવન જીવી શકે તે માટે તેમને કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આર્થિક પેકેજમાં સમાવી લઈ વિના વ્યાજની કે ઓછા વ્યાજની સરકારી સબસીડી વાળી રૂ. ૫ લાખની લોન આપવા, જુનિયર વકીલો ને રૂ. ૫ હજાર સ્ટાઈપેંડ આપવા તથા વકીલો ઉપર થતાં હુમલાઓ સામે રક્ષણ આપવા માટે એડવોકેટ પ્રોટેક્શન એક્ટ લાવવા તથા જે વકીલોની વકીલાતનાં દસ વર્ષ પુર્ણ થયા હોય તેઓને નોટરી બનાવવા જોઈએ.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૯/૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ તાલુકામાં ડામર, સી.સી. રોડ તથા એમ.પી. ફંડના કામ જેની અંદાજીત રકમ રૂ. ૨૩.૭૭ લાખથી રૂ. ૫૨૯.૬૭ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૧/૮/૨૦૨૦થી તા. ૭/૯/૨૦૨૦ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.stettenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૧૮૬/૨૦૨૦